## આંક– ૪ લગત હુકમ

(૧) અરજદારના વકીલશ્રીને સાંભળ્યા. અરજી વંચાણે લીધી. અરજદારના વકીલશ્રીની દલીલ છે કે, આ કામે કપડવંજના મહે. એડી. ચીફ જયુ. મેજી. સાહેબની કોર્ટે અરજદાર/ આરોપીને ફોજદારી કેસ નં. ૧૭૧૧/૨૦૧૫ના કામે તા. ૨૪/૧૦/૨૦૨૪ના રોજ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી ૬(છ) માસની સાદી કેદની સજા અને રૂા. ૫૦૦/–નો દંડ અને જો દંડની રકમ ના ભરે તો વધુ ૧૫ દિનની સાદી કેદની સજા તથા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૭ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી ૩(ત્રણ) માસની સાદી કેદની સજા અને રૂા. ૫૦૦/–નો દંડ અને જો દંડની રકમ ના ભરે તો વધુ ૧૫ દિનની સાદી કેદની સજા તથા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૮ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી ૩(ત્રણ) માસની સાદી કેદની સજા અને રૂા. ૫૦૦/–નો દંડ અને જો દંડની રકમ ના ભરે તોવધુ ૧૫ દિનની સાદી કેદની સજા તથા ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૪(અ) મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી ૦૧(એક) વર્ષની સાદી કેદની સજા અને રૂા. ૫૦૦/– નો દંડ ફરમાવવામા આવેલ અને જો દંડની રકમ ના ભરે તો વધુ ૧૫ દિનની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામા આવેલ છે. અરજદારે દંડની રકમ ભરી દીધેલ છે. તેમજ સદર હુકમથી નારાજ થઈ અપીલ દાખલ કરેલ છે. આથી, હાલની અરજી દાખલ કરી નામદાર ટ્રાયલ કોર્ટનો હુકમ સ્ટે કરવા તેમજ અરજદારને જામીન ઉપર મુકત કરવા અરજ ગુજારેલ છે. વધુમાં જણાવે છે કે, અપીલ ચાલતા લાંબો સમય જાય તેમ છે. અરજદાર કુંટુંબ કબીલાવાળા માણસ છે અને કોર્ટ ફરમાવે તે શરતોનુ પાલન કરવાની તૈયારી બતાવી જામીન ઉપર મુકત કરવા અરજ ગુજારેલ છે. અરજદાર/આરોપી હાલ અપીલ પરીચડ સુધીના જામીન ઉપર છે.

(૨) અરજી વંચાણે લેતા આ કામના આરોપીને નામદાર ટ્રાયલ કોર્ટે ક્રિ.કે.નં. ૧૭૧૧/૨૦૧૫ના કામે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી ૬(છ) માસની સાદી કેદની સજા અને રૂા. ૫૦૦/–નો દંડ અને જો દંડની રકમ ના ભરે તો વધુ ૧૫ દિનની સાદી કેદની સજા તથા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૭ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી ૩(ત્રણ) માસની સાદી કેદની સજા અને રૂા. ૫૦૦/–નો દંડ અને જો દંડની રકમ ના ભરે તો વધુ ૧૫ દિનની સાદી કેદની સજા તથા ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૮ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી ૩(ત્રણ) માસની સાદી કેદની સજા અને રૂા. ૫૦૦/–નો દંડ અને જો દંડની રકમ ના ભરે તો વધુ ૧૫ દિનની સાદી કેદની સજા તથા ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૪(અ) મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી ૧(એક) વર્ષની સાદી કેદની સજા અને રૂા. ૫૦૦/– નો દંડ ફરમાવવામા આવેલ અને જો દંડની રકમ ના ભરે તો વધુ ૧૫ દિનની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામા આવેલ

છે. અરજદારે દંડની રકમ જમા કરાવી દીધેલ છે. વધુમાં ટ્રાયલ દરમ્યાન અરજદાર જામીન ઉપર મુકત હોવાની હકિકત રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે. આથી, અપીલ ચાલતા સમય જવાની સંભાવના રહેલ છે. આથી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૪૩૦ની જોગવાઈઓને ધ્યાને લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

અરજદાર/આરોપીની અરજી આંક–૪ લગત **મંજુર** કરવામાં આવે છે.

અરજદારને રૂા. ૨૫,૦૦૦/–ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધીન ટ્રાયલ કોર્ટે જે સજાનો હુકમ કરેલ છે તેનો અમલ મોકુફ રાખી અપીલનો નિકાલ થતા સુધી જામીન પર છોડવાનો હુકમ કરવામાં આવે છે.

## <u>શરતો:–</u>

(૧) એપલેન્ટ/આરોપીએ ફરિયાદપક્ષના કોઈ સાક્ષીને મળવુ નહી, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ધાકધમકી આપવી નહીં.

(૨) એપલેન્ટ/આરોપીએ અત્રેની કોર્ટની પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહીં.

(૩) એપલેન્ટ/આરોપીએ અપીલની સુનાવણી જે તારીખે રાખવામાં આવે તે તારીખે અત્રેની કોર્ટમાં હાજર રહેવુ.

(૪) આ હુકમની યાદી સંબંધિત પોલીસ સ્ટેશન તથા સંબંધિત અદાલતને મોકલી આપવી.

સદર હુકમનો અમલ ટ્રાયલ કોર્ટ મારફતે કરવો.

હુકમ આજરોજ તા. ૦૮, માહે–નવેમ્બર, સને–૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૦૮/૧૧/૨૦૨૪
કપડવંજ

**(કમલેશકુમાર સોમાભાઈ પટેલ)**
અધિક સત્ર ન્યાયાધીશ,
કપડવંજ (ખેડા)
(જીજે૦૦૫૩૨)